Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુ.૯૨

પુસ્તક
૯૨

# શ્રી આત્માનંદ પ્રકાશ

વિક્રમ સંવત ૨૦૫૧ સને ૧૯૯૪-૯૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

**Shree Atmanand Prakash**



**श्री आत्मानंद प्रकाश**

विद्वान् धन्यधिकारो वा भवितुं शक्नुयान्न वा ।
सदाचरणशाली तु भवितुं शक्नुयाज्जनः ॥

માણસ વિદ્વાન ધની કે હોદ્દેદાર થઈ શકે કે ન થઈ શકે,
પણ સદાચરણશાલી બનવું એ તો એના હાથની વાત છે.

A person can be or cannot be learned, rich or high-ranked,
but it is at his disposal to be well-conducted


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૨ | કારતક–માગશર | આત્મ સંવત : ૯૯ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૧ |
| અંક : ૧–૨ | નવેમ્બર/ડીસેમ્બર–૯૪ | વિક્રમ સંવત : ૨૦૫૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પ્રભુ તને શું પૂછશે ? (કાવ્ય) | — | ૧ |
| (૨) | દુઃખી કરતા સુખી વધુ દયાપાત્ર | સંકલન : દોશી વૈશાલી રમેશચંદ્ર | ૨ |
| (૩) | વારસો ધનનો કે ધર્મનો.... | — | ૩ |
| (૪) | પળને પારખી લો | પ્રફુલ્લાબેન રસીકલાલ વોરા | ૪ |
| (૫) | શ્રી જૈન શાસનના પાયાના ઘડવૈયા | — | ૭ |
| (૬) | હિન્દી વિભાગ | — | - |


આ સભાના નવા પેટ્રન સભ્યશ્રીઓ...

૧. શ્રી શશીકાન્ત રતીલાલ શાહ (ચાવાળા) ભાવનગર
૨. શ્રી સુબોધકુમાર કાન્તિલાલ સંઘવી (ઘોઘાવાળા) બેંગલોર
૩. શ્રી ચન્દ્રકાન્ત જમનાદાસ હકાણી (ભાવનગરવાળા) બેંગલોર

આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ...

૧. શ્રી આનંદ નિતીનકુમાર મહેતા અમદાવાદ
૨. શ્રી ભાવીનકુમાર વિનોદરાય શાહ ભાવનગર
૩. શ્રી ધીરજલાલ શીવલાલ શાહ (બોટાદવાળા) ભાવનગર
૪. શ્રી રસીકલાલ મગનલાલ શાહ ભાવનગર
૫. શ્રી આનંદ અનંતરાય પંડ્યા મુંબઇ
૬. શ્રી હીરલકુમાર પંકજકુમાર પારેખ ભાવનગર
૭. શ્રી ભાવેશકુમાર રજનીકાન્ત પારેખ ભાવનગર
૮. શ્રી મનહરલાલ કેશવલાલ મહેતા (કમળેજવાળા) ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાલીતાણામાં પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી મનોહરાશ્રીજીનાં ૧૦૧ માં વર્ષના પ્રવેશ નિમિત્તે યોજાયેલ ભવ્ય કાર્યક્રમ....

પાલીતાણામાં તા. ૨૦-૧૨-૯૪ ના રોજ જૈન શાસનને બળ આપનાર પૂ. સાધ્વીજી **શ્રી મનોહરાશ્રીજી** મહારાજનાં **૧૦૧** માં વર્ષના પ્રવેશ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં સૌ પ્રથમ ગુરૂવંદન તથા ભક્તામર પૂજન ભણાવવામાં આવેલ....

પ્રાસંગિક પ્રવચન કરતા પૂ શ્રી અશોકસાગરજી મ. સાહેબે પૂ. બા મહારાજશ્રી મનોહરાશ્રીજીના ત્યાગ, તપ અને જ્ઞાનની અનુમોદના કરવા જણાવેલ. પૂ. શ્રી સોમચંદ્રવિજયજી મ. સાહેબે પૂ. બા મહારાજશ્રીના ૧૦૧ માં વર્ષના પ્રવેશ નિમિત્તે તેમનું સ્વાસ્થ્ય સારૂ રહે તેવી પ્રાર્થના કરેલ....

આ પ્રસંગે પૂ. શ્રી જંબુવિજયજી મ. સાહેબ ( જેઓ પૂ. બા મહારાજશ્રીના પુત્ર છે ) જણાવેલ કે " મા–બાપ તો સાક્ષાત ઇશ્વર છે. તેઓશ્રીને મહાન માર્ગે ચડાવનાર પૂ. બા મહારાજશ્રીનો ઉપકાર માની વંદન કરેલ અને તેમનાં આશિર્વાદ માંગેલ." આ પ્રસંગે ૧૦૧ માં વર્ષના પ્રવેશ નિમિત્તે પૂ. બા મહારાજશ્રીની ઇચ્છા અનુસાર જીવદયા અંગે કાયમી ફંડ એકઠુ કરવાનું નક્કી થતા તે અંગે "શ્રી સિદ્ધી જીવન મનોહર જૈન ટ્રસ્ટ સંચાલિત માતા સાધ્વીશ્રી મનોહરાશ્રીજી જન્મ શતાબ્દી જીવદયા નીધી" નામના ટ્રસ્ટની જાહેરાત કરેલ અને તે ટ્રસ્ટ અંગેની વિશેષ માહીતી માટે શ્રી નવીનભાઇ બાબુલાલ ગાંધી ( ગોકુળ આઇસ્ક્રીમવાળા–ધરણેન્દ્ર ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લી. : મંગળ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ )નો સંપર્ક સાધવા જણાવેલ છે.

આ પ્રસંગે ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાનાં પ્રમુખશ્રી પ્રમોદભાઇ શાહ, ઉપપ્રમુખશ્રી મોહનભાઇ સલોત, મંત્રીશ્રી હિંમતભાઇ મોતીવાળા, શ્રી કાંતીભાઇ સલોત, આજીવન સભ્યશ્રી દિવ્યકાંત સલોત તેમજ બહારગામનાં જૈન સંઘો તથા મોટા પ્રમાણમાં સાધુ મહારાજ સાહેબ તથા સાધ્વીજી મહારાજ તેમજ શ્રાવક–શ્રાવિકાઓ વિગેરે ઉપસ્થીત રહેલ 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ / બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૫૧ના પોષ વદ ૬ ને રવિવાર તા. ૨૨-૧-૧૯૯૫ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઈ લેકચર હોલમાં મળશે તો આપને અવશ્ય પધારવા વિનંતિ....

કાર્યવાહી :-

(૧) તા. ૩-૧૦-'૯૩ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(૨) તા. ૩૧-૩-'૯૪ સુધીના આવક ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરવા માટે ભલામણ કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ પર મૂકેલ છે.

(૩) તા. ૧-૪-'૯૪ થી તા. ૩૧-૩-'૯૫ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજૂરીથી મંત્રી રજૂ કરે તે.

લી. સેવકો,

તા. ૧૬-૧૨-'૯૪ હિંમતલાલ અનોપચંદ મોતીવાળા

ભાવનગર કાન્તીલાલ રતીલાલ સલોત

માનદ્ મંત્રીઓ

---

તા. ક. :- આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તેજ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

# પ્રભુ તને શું પૂછશે ?

લઇ અવતાર માનવનો, ભલું તેં શું કર્યું પરનું ?
કર્યાં શું સુકૃત્યો સાચાં, પ્રભુ તે પૂછશે તુજને. ૧

પરણ્યો તું કેટલી લાડી ? હતી કૈં મોટરો ગાડી ?
વખારો કેટલી કાઢી ? નહીં ત્યાં એમ પૂછાશે. ૨

થયો સર રાવબહાદુર કે, થયો જે. પી. ગવર્નર કે ?
મળી કેવીક મોટાઇ ? નહીં ત્યાં એમ પૂછાશે. ૩

હતો તું વાણીયો વીસો ? દસો કે અન્ય જાતિનો ?
વરણ કે ન્યાતના ભેદો, નહીં ત્યાં એમ પૂછાશે ૪

પત્તે કે સોગઠે રમતો ? ગળે શું હાર તું ધરતો ?
હવા ખાવા જતો કે ના ? નહીં ત્યાં એમ પૂછાશે. ૫

હતો તું કાજી કે પાજી ? જમ્યાં મિષ્ટાન્ન કે ભાજી ?
હતો તું રંક કે રાજા ? નહીં ત્યાં એમ પૂછાશે. ૬

નિયમ, વ્રત, પાળીયા શેના ? કર્યાં દુઃખ દૂર તેં કોના ?
કરી શી સેવા સંતોની, પ્રભુ તે પૂછશે તુજને. ૭

કયા પરમાર્થ તેં કીધા ? ગુણી જનથી ગુણો લીધા ?
સુપાત્રે દાન શું દીધાં ? પ્રભુ તે પૂછશે તુજને. ૮

કહે કોની પીડા ભાંગી, ક્ષમા નિજ પાપની માંગી ?
થયો પ્રભુ નામનો રાગી ? પ્રભુ તે પૂછશે તુજને. ૯

સ્મરણમાં તે સકલ લાવી, જઇ ત્યાં તે રજૂ કરતાં;
ચુકાદો સર્વનો દેશે, તપાસી તુજ સહુ ખાતાં. ૧૦

અસૂયા ભાવ છોડીને, સકલ જગ મૈત્રી જોડીને;
ગુરુનો ધર્મ આરાધ્યો, પ્રભુ તે પૂછશે તુજને. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુઃખી કરતાં સુખી વધુ દયાપાત્ર



સંકલન : દોશી વૈશાલી રમેશચંદ્ર
શ્રી રૂપાણી પાઠશાળા-ભાવનગર

ગરીબો, ભિકારો, નોકરીઆતો વગેરેને દુઃખી કહેવામાં આવે છે. પણ ઘણાંઓને એ વાતની ખબર છે ખરી કે એ દુઃખીઓ કરતાં શ્રીમંત લોકો વધુ દુઃખી છે!...

ના.... ગરીબી, ભિકારી, નોકરી વગેરેનું દુઃખ એમને નથી, પરંતુ એમનામાં જે કામ, ક્રોધ, ઇર્ષ્યા, સ્વાર્થ લોભ વિગેરે જે દોષો છે તે દોષો તેમને ખૂબ સતાવતા હોય છે.

એમને વાસના સતાવે. એ સદા અતૃપ્ત રહે. બીજા ચડીઆતાઓને જોઇને તેઓ ઇર્ષ્યાથી સતત્ સળગતા રહે.

દેવલોકના દેવોની પણ આ જ દુર્દશા હોય છે. તેઓ અતૃપ્તિ અને ઇર્ષ્યાથી સતત્ પ્રજવતા રહે છે.

હાય! આ તો સુખના પાણીમાંથી આગ પ્રગટી.

આ લોકોને પાપો સુખ-વિરહ થાય ત્યારે તો એમની હાલત અતિ કરૂણ બની જાય છે.

આ બધું વિચારતાં મને તો દુઃખીઓ સીદાય છે તે કરતાં વધુ શ્રીમંતો સીદાતા દેખાય છે. દયા કોની ખાવી? દુઃખીઓની કે શ્રીમંતોની? જો આ વાત બરાબર સમજાશે કે એરકન્ડીશન્ડ રૂમો પણ તેમના અંતરના આતશને શાન્ત કરી શકતા નથી ત્યારે શ્રીમંત થવાની ઇચ્છા ઉપર થૂંકવાનું મન થશે.

(" શ્રી ચિન્તનોના તેજ કિરણો "માંથી સાભાર)

---

## સહજીવનની સફળતા

સહજીવનની સફળતા સહનશીલતા અને સમર્પણમાં સમાયેલી છે.

સહનશીલતાનું મૂળ છે સમજદારી
અને સમજદારીનું મૂળ છે સ્નેહ....
સ્નેહ અને સમર્પણ વિના કુટુંબજીવન કડવાશભર્યું બની જાય છે.
તેને હળવાશભર્યું બનાવવા સહનશીલતા જરૂરી છે.
સહુના સુખ-શાંતિ માટે સ્નેહપૂર્વક પોતાના સુખનું સમર્પણ એટલે જીવનની સફળતા....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વારસો ધનનો કે ધર્મનો



સામાન્ય રીતે માતા-પિતા પોતાના સંતાનોને ધનનો વારસો આપી જવાની કેટલી બધી કાળજી રાખતા હોય છે? આ માટે કેટલું કષ્ટ વેઠવા પણ તૈયાર હોય છે. ધનનો વારસો મેળવનાર સંતાન પણ પોતાને જાણે સ્વર્ગ મળી ગયું હોય એવી પ્રસન્નતાનો અનુભવ કરે છે. તો સામે પક્ષે જે સંતાન આ નથી મળ્યું તેની માટે લડવા ઝઘડવા પણ તૈયાર થઇ જાય છે. પણ જેવી કાળજી ધનના વારસા માટે રાખવામાં આવે છે એવી કાળજી ધર્મના વારસા માટે રખાય છે ખરી? ધનનો વારસો તો ફક્ત કદાચ આ લોકમાં જ ઉપયોગી બની શકે-પરંતુ ધર્મનો વારસો તો નિશ્ચિતપણે ભવોભવ સુધી ટકી શકે. માટે ધન કરતાંય ધર્મનો વારસો દેવાનું માતા-પિતાએ વિચારવું જોઇએ.

જરા વિવેકપૂર્વક વિચારીએ તો માલુમ પડશે કે "ધનથી ધર્મ આવે કે ધર્મથી ધન આવે?"

ધર્મ હશે તો ધન ભોગવાશે. ધર્મના વારસા વગર મળેલું ધન ખરાબ માર્ગે વપરાશે. ધર્મ વગરનું ધન અનીતિ આચરવામાં નિમિત્ત બનશે.

ધર્મ વગરના સંતાનોના હાથમાં ધનનો ઢગલો આપી દેવાથી તેનું શું પરિણામ આવશે તે વિચારવાની શું જરૂર નથી? આ ધનનો દુરૂપયોગ જ થાય છે.

જે હાથ અનીતિ અને દુરાચાર કરવા ટેવાયેલા હશે એ હાથે દાન-ધર્મ કઇ રીતે થઇ શકે? જે આત્માનો પ્રદેશ કુકર્મના કીચડથી કલંકિત થયો હોય તે આત્મા દયાની પવિત્રતાને કે ધર્મની ઉજ્જવળતાને કયાંથી પામી શકે? જે હૃદય અધર્મના ખાડામાં જવા માટે દુરાચારી બન્યું હોય તેના હાથે ધન પણ દુષ્ટ પ્રવૃત્તિ કરવા માટે જ વપરાય છે. પાપકર્મમાં ચકચૂર બનેલો જીવ ધનના વારસાનો ઉપયોગ કરી પોતાને દુર્ગતિની ખાઇમાં ધકેલી દેશે.

માટે ધર્મનો વારસો આત્મહિત કરવા માટે અને પરમપાવન ધર્મની ધજાને સદાય ફરકતી રાખવા માટે ઉપયોગી બનશે. બાળકને પાપના પોટલા બાંધી પરલોકમાં પણ પીડા પામનાર પામરજીવ બનાવવાની ઇચ્છા કયા મા-બાપ રાખશે?

આ માતા-પિતા પોતાના સંતાનોને આ લોકમાં ને પરલોકમાં સુખી કરવા ઇચ્છતા હશે તો ધર્મનો વારસો, શ્રુતધર્મના સંસ્કાર અને સદાચારની શિક્ષા આપવા તૈયાર થશે.

સદાચાર છે ત્યાંજ લક્ષ્મી છે.

સંસ્કાર છે ત્યાંજ સુખ છે.

શ્રુતજ્ઞાન છે ત્યાંજ સમજ છે.

સાચું સુખ, લક્ષ્મી અને સમજ સુખમાં લીન નહીં બનાવે અને દુઃખમાં દીન નહીં બનાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પળને પારખી લો

પ્રફુલ્લા રસિકલાલ વોરા
૧૦૦૮, 'કૃષ્ણકુંજ', ડાયમન્ડ ચોક, ભાવનગર

વિશ્વવિખ્યાત તત્ત્વચિંતક મહાત્મા કોન્ફ્યુશિયસની પાસે એક વખત એક માણસ આવ્યો. તેણે મહાત્માજીને પૂછ્યું, "મારે સંયમની સાધના શીખવી છે, આપ મને શીખવશો ?" મહાત્માજી આ વાત બરાબર ધ્યાનથી સાંભળતા હતા. ઘડીભર તો બન્ને વચ્ચે મૌનનું સામ્રાજ્ય રચાયું. બીજી ક્ષણે જ મહાત્માજીએ તે માણસનો ચહેરો વાંચી લીધો અને તેને જાણે દૃષ્ટિથી માપી લીધો હોય તેવી રીતે પૂછ્યું, "તારે સંયમની સાધના કરવી હશે તો કેટલાક પાયાનાં સૂત્રોનું પાલન અવશ્ય કરવું પડશે. તું તે કરી શકીશ ?" પેલો માણસ સંમત થયો ત્યારે મહાત્માજીએ કહ્યું "તને ખબર છે-તારે માત્ર કાનથી જ સાંભળવાનું" પેલો માણસ વિચારમાં પડી ગયો અને વધું કાંઇ વિચારે ત્યાં મહાત્માજીએ ફરી વખત બીજું સૂત્ર આપતા કહ્યું "તારે જે કાંઈ પણ વસ્તુનો સ્વાદ પારખવાનો હોય તો માત્ર જીભેથી જ પારખવાનો." પેલો માણસ આ સાંભળીને સ્તબ્ધ થઇ ગયો. તેની મુંઝવણ વધવા લાગી. ત્યાં તો મહાત્મા કોન્ફ્યુશિયસે ત્રીજો નિયમ જણાવ્યો. "તારે માત્ર આંખથી જ જે કાંઇ જોવાનું હોય તે જોવાનું." હવે તે માણસ વિચારતો હતો કે પોતે કોઇ ખોટી જગ્યાએ તો પોતાના પ્રશ્નને લઈને નથી આવ્યોને ? તેથી તેણે પૂછ્યું. "મહાત્માજી ! જે અંગોનો ઉપયોગ જેની માટે જ કરવાનો છે, એવું તો તમે કહો છો માત્ર આંખથી જ જોવાનું અને કાનથી સાંભળવાનું. એમાં સંયમની સાધનાની વાત કયાં આવી ? મને મારા પ્રશ્નનો ઉકેલ ન મળ્યો."

આ વાત સાંભળી મહાત્મા કોન્ફ્યુશિયસે વિચાર્યું કે આ માણસ ખરેખર, સંયમની સાધનામાં રસ ધરાવે છે તેથી તે બોલ્યા કે જો વ્યક્તિ માત્ર કાનથી સાંભળે, આંખથી જ જુએ કે જીભથી જ સ્વાદ પારખે તો તેને સંયમની સાધના કરવાની જરૂર જ નથી. જયારે આ બધા સાથે મનની આસક્તિ ભળે છે ત્યારે તેના પર ઉપભોગ કરવાનો ભાવ જાગે છે. માત્ર આંખથી જ જોવામાં જયારે મન ભળે છે ત્યારે જ વિકારના ભાવો જન્મે છે. આંખ, કાન અને જીભ તો માત્ર સાધનો છે. ખરો ઉપભોગ તો આપણું મન કરે છે. જયાં મન અશુદ્ધ છે ત્યાં સંયમની સાધના ટૂંકી પડે છે. ચારે તરફ દોડતું મન અતૃપ્તિનાં અંધારામાં અટવાયા કરે છે.

આ વાત સાંભળતા જ તે માણસને સાચી વાત સમજાઇ ગઇ અને સંયમની સાધનાનો ખરો માર્ગ મળી ગયો એવું સમજી સાચે રસ્તે ચાલવા લાગ્યો.

આ રીતે આપણે સૌ જીવનમાં હરતાં-ફરતાં, કયારેક ટોળામાં તો કયારેક એકલાં હોઇએ ત્યારે સંયમની સાધના કરવામાં કે મનની લગામને આપણા હાથના બરાબર અંકુશમાં રાખવામાં કયારેક સફળતા તો કયારેક નિષ્ફળતા મેળવતા હોઇશું. ઘણી વખત જીવનમાં ઉપયોગી હોય તે મેળવવાની તક મળતી હશે તો કયારેક ઘણું ગુમાવવું પડતું હશે. કયારેક આપણને આપણા વિકાસની સીમાઓ ટૂંકી પડતી હશે તો કયારેક વચ્ચે કાંટાની કેડીની ક્રુરતા આપણા માર્ગને રોકી દેતી હશે. આજ તો છે આપણું જીવન. કયારેક કોઇ યાદગાર ક્ષણનો આનંદ માણતા હોઇએ તો કયારેક કોઇ ક્ષણો બરછટ બનીને ખૂંચતી હશે આમ વિવિધ પરિણામોમાંથી પસાર થતાં આપણને કેટલીય દિશાઓ સ્પષ્ટ દેખાતી હશે તો કયારેક આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિશાઓ ધૂંધળી બની આપણા માર્ગને રોકી દેતી હશે. આ વખતે માત્ર સૂર્યનો પ્રકાશ જ આ જીવનના માર્ગને પ્રકાશ આપવા સમર્થ નહીં બની શકે. આ માટે તો મનના વિશિષ્ટ અજવાસની જરૂર પડે, આત્મામાંથી કે કોઇ આંતરશક્તિમાંથી પ્રગટ થતું અજવાળું આ જીવનની દિશાઓને અજવાળી શકે.

જીવનવિકાસ માટે, સાચા સંયમની સાધના માટે એટલે સાચા મનુષ્યત્વની પ્રાપ્તિ માટે આપણે આપણી દસેય દિશામાં રહેલ ધૂંધળા વાતાવરણને દૂર કરવું પડશે. એ તમામ દિશાઓ એવા અજવાસનું પ્રતિક બને કે તે તરફથી આવતો અજવાસ આપણા વ્યક્તિત્વને, આપણામાં રહેલા મનુષ્યત્વને અને અંતે આપણાં જીવનને સંયમની સાધના પ્રત્યે, સંસારમાં રહીને પણ ઉત્કર્ષ જીવનના પથને અજવાળે. આ માટે આ દસ દિશાઓ કઇ ? પૂર્વ, પશ્ચિમ, ઉત્તર વિગેરે ? આ તો થઇ આપણી આજુબાજુની ભૌતિક દિશાઓ. આ દિશાઓ તો દિવસે રવિરાજના સામ્રાજ્યથી પ્રકાશિત લાગે છે તો રાત્રે ચંદ્રનો ઉજાસ તેને દેદીપ્યમાન બનાવે છે. પણ મનને તમામ બાજુથી ખરો અજવાસ પામવો હોય તો આપણી દસ દિશાઓ જુદી હશે

આ અજવાસ તરફ જવાની સૌથી પહેલી દિશા છે-"**પળને પારખી લો.**"

સવારના સોનેરી કિરણોની મધુર આભા રેલાવતું આકાશ કે આથમતા સૂર્યની છેલ્લી વિદાયનેય વિવિધ રંગાવલિ દ્વારા શણગારતું આકાશ આપણને સંદેશો આપે છે કે આ રંગોની લાલિમા હંમેશા ટકવાની નથી. વર્ષાઋતુના દિવસો હોય અને સપ્તરંગી મનમોહક એવું ઇન્દ્રધનુ આભમાં રચાયું હોય તો તે આનંદ ક્ષણિક છે. રંગોની એ ચાદર હંમેશા ટકવાની નથી. સૌન્દર્યની ક્ષણો કે તેની અભિવ્યક્તિનો સમય-ગાળો ઘણો ટૂંકો હોય છે પરંતુ જે લોકો એ સમયની આરતને અર્ધ્ય આપે છે, જે એ ક્ષણિક સૌન્દર્ય પામવાની તાકાત ધરાવે છે અને જે એને માણવાનું ચૂકતા નથી. એ લોકો એ પળને પારખી લઇ જીવનમાં એ સદ્ભાગી ક્ષણો પામવાનો આનંદ માણી જીવનમાં ધન્યતા અનુભવે છે. "આ તો માત્ર ક્ષણિક છે" એવું સમજીને જે તેને અવગણે છે એના નસીબમાં તો પછીથી વ્યાપી જતો અંધકાર જ રહે છે, માટે જે તક મળે તેને સાવધાની અને સમજપૂર્વક ઓળખી લઇએ તો આપણાં જીવનની આ પહેલી દિશા હંમેશા અજવાસથી ભરાઇ જશે. જે પળને ચૂકી જાય છે, જે તેને ઓળખી શકતા નથી તેના માટે તો એ દિશામાં અંધારું જ રહેવાનું.

જ્ઞાનીઓ કહે છે કે આયુષ્ય અલ્પ છે અને આ ભવિષ્ય અગમ છે, માટે જો અલ્પતામાં મળેલી આ કિંમતી પળને પારખી લઇએ તો ચૈતન્ય આપોઆપ પ્રગટી ઊઠશે. ઇતિહાસનાં પાનાં એવા નામોથી ઝળહળે છે જેમણે પળને બરાબર પારખી લીધી હોય અને એ તકનો લાભ લઈ બાકીનું જીવન ધન્ય બનાવી દીધું હોય, વાલીયામાંથી વાલ્મિકી બનવા માટે કેટલાય વર્ષો કે યુગો લાગ્યા નથી. એ તો કોઇ ચોક્કસ પળની જ ચમત્કૃતિ હતી એ પળ પારખવાની શક્તિ એણે પ્રાપ્ત કરી લીધી અને પોતાના જીવનની જાણે તમામ દિશાઓ ખોલી નાખી.

આ રીતે જે પળને પારખી લે છે તેનાથી તે દિશા જાણે તેના માટે એક નૂતન પ્રકાશનના પુંજને લઇને આવે છે.

યુગોના અંધારા માત્ર એક સાચી પળની પસંદગીથી દૂર થઇ જાય છે.

હવે પ્રશ્ન બીજો પણ ઉદ્ભવે છે-

આ જ બાબત માટે એક બીજું ઉદાહરણ લઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વખત એક યુવાન ચર્મકાર દીવાના પ્રકાશમાં ચામડાનું કોઇ કામ કરી રહ્યો હતો. પોતે ભલે ચર્મકાર હતો પણ મનથી શુદ્ધ હતો. અચાનક તેણે તેના ઓરડામાં પાણીનો રેલો આવતો જોયો. તેણે વિચાર્યું કે બહાર વરસાદ આવતો હશે. આ અનુમાનની ખાતરી કરવા તે બહાર આવ્યો. વરસાદ ચાલુ હતો. ઘરની બહાર એક દીવાલને અડકીને એક સાધુ જેવી દેખાતી વ્યક્તિ બહાર વરસાદથી બચવા ઊભી હોય એવું લાગ્યું તેથી તે ચર્મકારે તેમને અંદર બોલાવવા વિચાર્યું અને વિનમ્ર ભાવે કહ્યું, "મહાત્મા, હું અત્યંજ છું, આમ તો આપનું આપનું આતિથ્ય કરી શકું તેમ નથી, પરંતુ આ વરસાદમાં ઊભા રહેવા કરતા આપ અંદર પધારો." સાધુએ તો ત્યાં ઊભા રહેતી વખતે દીવાલ પર ચર્મકારના નામ વ્યવસાય લખેલું પાટિયું તો વાંચ્યું જ હતું. સાધુ જરા વિચાર કરતા ઊભા રહી ગયા, તેથી તે યુવકને પોતાનો કાંઈક અવિનય થયાનો કે પોતે એક અત્યંજ હોવા છતાં સાધુ મહાત્માને પોતાને ઘેર આવવાનું નિમંત્રણ આપવા બદલ અપરાધ કર્યો હોય એવો ભાવ અનુભવવા લાગ્યો અને ભૂલ બદલ સાધુની માફી માગવા લાગ્યો. આ જોઇ સાધુએ કહ્યું, "ભાઇ, આમાં તારી તો કાંઇ ભૂલ નથી. જે કાંઈ ભૂલ છે તે મારી જ છે. આજે હું કેટલાય વર્ષોથી થયેલી ભૂલનો ઉકેલ મેળવી રહ્યો છું. મને મારી ભૂલ સમજાય છે. કેટકેટલા વર્ષોથી હું ઇશ્વરની શોધમાં હતો અને તે મને અત્યારે જ મળી ગયા." આ રીતે સાધુ મહાત્મા જે ઘણાં સમયથી શોધતા હતા તે માત્ર થોડી મિનિટોની ઓળખમાં પ્રાપ્ત થાય છે

બસ, પછી તો સાધુને અત્યાર સુધીના જીવનમાં જે સચ્ચાઇ શોધવામાં વર્ષો પસાર કર્યા હતા તે હવે આ પળને પારખી લેવામાં મળી ગઇ. તેને આખા જીવનમાં સાચાં અજવાંસનાં દર્શન થયાં.

ઉપરની બાબતો પરથી એક બાબત સ્પષ્ટ થાય છે કે–

"જે પળને પામી જાણે રે,
તે આતમને અજવાળે રે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન શાસનના પાયાના ઘડવૈયા

વૃક્ષના ફળ-ફૂલનો આસ્વાદ માણવા માટે માત્ર વૃક્ષની ઉપર રહેલા સૌન્દર્યનો નહીં પણ અંદરના મૂળનો, જમીનની જાતનો અને હવા-માનના સ્વભાવનો અભ્યાસ કરવો પડે છે. એ રીતે દૈહિક સૌન્દર્ય તો બહારની વસ્તુ છે ખરો અભ્યાસ તો આત્માનાં સૌન્દર્યનો કરવો પડે છે. આ આત્મા શું છે? તેના પર લાગેલાં કર્મોનાં પ્રદેશો કયા છે? જૈન ધર્મ શું છે? તેના પાયામાં કોનો પુરુષાર્થ રહેલો છે? આવા અનેક પ્રશ્નો આજનાં ટેકનોલોજીના યુગમાં થતા હોય છે. જૈન દર્શન તો ઘણું ઊંડાણવાળું છે પરંતુ જેઓ જિનશાસનને વરેલા છે, જેઓને જૈન ધર્મ મળ્યો છે જેને જૈન હોવાની કિંમત સમજવી છે અને જેઓને જૈનપણાની ખુમારી છે એવા પુણ્યશાળી મા-બાપોની ફરજ શું હોઇ શકે એ પણ વિચારવું જરૂરી છે.

આવા સદનસીબ માતા-પિતા વિચારી શકે કે અમારા ઘરમાં જન્મેલ કોઇ પણ જીવ દુર્ગતિમાં તો ન જ જવો જોઇએ. અનાદિ અનંતકાળમાંથી ચાર ગતિરૂપ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરી, ભટકીને દુઃખી થઇ રહેલો કોઇ જીવ કોઇ પુણ્ય કર્મના ઉદયથી શ્રી જૈનશાસનનું બાળક બનવાને ભાગ્યશાળી થયો હશે. માત્ર એટલું જ નહીં પણ તેણે પુણ્યશાળી માતા-પિતા મેળવવાનું પણ સદ્ભાગ્ય સાંપડયું હશે.

જીવની આ ઉત્તમ ગતિ મળ્યા પછી ધર્મના ઉત્તમ સંસ્કારો રેડીને તેને સદ્ગતિ પમાડવાનું કાર્ય માતા-પિતાનું છે. "આવો જીવ અમારા કુળમાં જન્મ્યો છે ત્યારે અમારી ફરજ છે. માત્ર અમારા પ્રમાદના કારણે શ્રી જૈન શાસનના ખોળે રમતો આ જીવ દુર્ગતિની ઊંડી ખાઇમાં ન ધકેલાઇ જાય, તેના પૂર્વજન્મના સંસ્કારો અમારા પ્રમાદથી નાશ ન પામે એ જોવાનું કર્તવ્ય અમારૂં છે."

"અમારી એ પણ ફરજ છે કે તેના સંસ્કારોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે અને ભવાંતરમાં શ્રી જિનશાસનને પામે, શાસનની સુંદર આરાધના કરી આ જીવ વહેલામાં વહેલી તકે આ સંસાર ચક્રના પરિભ્રમણને છોડી દઇ પરમ એવા શાશ્વત સુખને પામી જાય!"

આવો વિચાર કરનાર માતા-પિતાનું લક્ષ અન્ય કરતા ઘણું જુદુ જ હશે. બાળક જ્યારે નાનું હોય ત્યારે તેને કાકા, મામા, દાદા, જેવા શબ્દો શીખવવામાં આવે છે અને એના માટે પુરુષાર્થ પણ કરાય છે. જ્યારે આ પુરુષાર્થનો પડઘો સંભળાય છે, નાનું બાળક કાલી-ઘેલી ભાષામાં આવા શબ્દો બોલે છે ત્યારે માતા-પિતાના આનંદનો પાર રહેતો નથી. આ બાળકની ભાષા તેને ખાવા-પિવાનું પણ ભૂલાવી દે છે. લાડકવાયું બાળક માતાની ગોદમાં સંસાર જીવનની આવી શરૂઆતના સમ્બન્ધોનું રહસ્ય તો સમજતું નથી પણ તેનો સમ્બન્ધ સ્થાપવાનું કાર્ય માતા-પિતા શરૂ કરે છે. તેમનો ચહેરો આ જોઇને પ્રફુલ્લિત થઇ જાય છે. પરંતુ જૈન-પણાંની ખુમારીવાળા માતા-પિતા આની સાથે બીજો પ્રયત્ન પણ કરશે. જેણે શ્રી વીર પરમાત્માનું શાસન મળ્યું છે, જેનામાં શ્રી વીર પરમાત્માના સંતાન હોવાનું સદ્નસીબ મેળવ્યાનું ગૌરવ છે અને જેનામાં પોતાના બાળકને આ સંસ્કારનું સિંચન કરવું છે એ મા-બાપ પોતાના બાળકને એક નવા દ્રષ્ટિકોણથી ઉછેરે છે. તે તેને વીર, ભગવાન, દેવ અને નવકાર જેવા શબ્દો પણ પછી શીખવવા માંડશે અને શ્રી જૈન ધર્મ પામેલા આ માતા-પિતાનો ચહેરો પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળકનો આ પ્રતિભાવ જોઇ ખીલવા માંડશે. તેની આંખોમાં ઉજળું ભવિષ્ય દેખાશે અને તેના ખોળામાં રહેલું બાળક આ પ્રસન્નતાને જોઇ રહેશે.

બાળક જ્યારે જન્મે છે ત્યારે શ્રી જૈન ધર્મને અપનાવેલો હોય એ માતા તેના બાળકના કાનમાં અન્ય શબ્દો પહેલા ન પડે એ માટે પ્રથમ તેને કાનમાં શ્રી નવકાર મંત્ર સંભળાવે છે. આમ જન્મની સાથે જ શ્રી જૈન ધર્મની ખુમારી તેનામાં આવે તે કામ ખુમારીવાળા માતા-પિતા જ કરી શકે.

ધીમે ધીમે આજુબાજુનું વાતાવરણ બાળ-માનસ પર પોતાનું સામ્રાજ્ય ફેલાવવાનું શરૂ કરે અને બાળક તેના મોહમાં તણાતું જાય. તેની વિવેકબુદ્ધિ એટલી પુખ્ત તો નથી હોતી કે એ સારા-નરસાનો ભેદ પારખી શકે આ વખતે સાચો ધર્મ જેનામાં વસ્યો છે તે માતા-પિતા ગમે તેવા પ્રદુષિત વાતાવરણમાં પણ પોતાનું બાળક ધર્મપ્રિય સંસ્કારો જાળવી શખી શકે એવા પ્રયત્નો કરે છે.

એક વખત જેના પાયામાં સાચો ધર્મ વસી ગયો હશે, જેના પાયામાં ધર્મના સંસ્કારોના બીજ બરાબર માવજત કરી વવાયાં હશે અને જેના પાયામાં આ સદ્‌વિચારોનું સિંચન થયું હશે એ બાળક પછી યુવાન થતાં પણ પોતાના માતા-પિતાએ આપેલો સંસ્કાર વારસો જાળવી રાખશે.

જ્ઞાનની પરબ સમાન મળેલો શ્રુતધર્મ જ શ્રી જૈનશાસનનો પાયો છે એવું માતા-પિતા સમજે છે. તેનું બાળક બીજા બાળકો કરતા જુદી જ પ્રકૃતિ ધરાવતું હોય છે. આપણે જાણીએ છીએ કે પ્રાથમિક શાળાઓમાં અને બાલમંદિરોમાં બાળકોને નાસ્તો અપાય છે. નાસ્તામાં અપાતી ચીજોમાં બટેટા આદિ અભક્ષ્ય વસ્તુઓ પણ હોય છે. જે માતા-પિતાએ પોતાના બાળકમાં શ્રી વીરપ્રભુનું સંતાન હોવાની ખુમારી પેદા કરી છે તે બાળક આ નાસ્તો છોડી દેશે. આ જ બાબત બતાવે છે કે માતા-પિતાના સંસ્કાર બાળકના જીવન પર કેટલી મોટી અસર છોડી જતા હોય છે.

એવું કહેવાય છે કે અનિશ્ચિત અને નિર્બળ સંકલ્પનાવાળા મનુષ્યનો આત્મા અશુભ ઇરાદા-ઓનું જન્મસ્થાન અને શુભ સંકલ્પનું કબ્રસ્તાન છે. દૃઢ સંકલ્પ અને ખરેખર ધર્મના અનુરાગી માતા-પિતાએ આ બાબત વિચારવી જરૂરી છે. તે એવું તો ન જ ઇચ્છતા હોય કે પોતાનાં બાળકનો આત્મા અશુભ ઇરાદાઓનું જન્મસ્થાન બને. ફરી એ વાત પર આવતા હવે એક બાબત નિશ્ચિતરૂપે ફલિત થાય છે કે, જો શુભ સંકલ્પનું કબ્રસ્તાન બનતો આત્મા જ આપણે આ જૈન-શાસનને ચરણે ધરીશું તો આપણે ધીમે ધીમે શાસનનો ધ્વજ ફરકાવવાના બદલે તેના પાયા હચમચાવી દઇશું. શું સમજુ અને સંસ્કારી માતા-પિતા આવું કરશે? શું બાળકનું અહિત આ માતા પિતા જોઇ શકશે? શું તેઓ તેના આત્માને અજ્ઞાનની અંધારી ગલીઓમાં અને કીચડની કારમી ગંદકીમાં સબડવા દેશે? શું આ સંસ્કારી માતા-પિતા બાળકને કોઇ નરકની અધોગતિમાં જવા દેવા તૈયાર હશે?

શું માતા-પિતાની એ ફરજ નથી કે તે પોતાના બાળકનો તેના આત્માને સદ્‌ગતિમાં જતો રોકે? જો આ ફરજ ન હોય તો દરેક માતા-પિતા પોતાના બાળકને "જૈન" હોવાની ખુમારી અને "જૈનત્વ" પામ્યાનું ગૌરવ કરતા જરૂર શીખવશે આ સંસ્કાર માટે તેને સમય, શક્તિ અને પુરુષાર્થ ખર્ચવો પડશે. પણ તેના બદલામાં ભવિષ્યની એક મજબૂત ઇમારત ઊભી કર્યાનું શ્રેય મેળવી શકશે. મોટા થયા પછી એ જ પુત્ર-પુત્રી તેની માતાનો ઉપકાર નહીં ભૂલે તેના પિતાનો સંસ્કાર વારસો મેળવવાનું સદ્‌ભાગ્ય નહીં ભૂલે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिन्दी विभाग

संकलन : हिंमतलाल अनोपचंद मोतीवाळा

धार्मिक धारावाहिक कथा

## जिनदत्त

भाग— १

लेखक— मुनिराज यशविजय

भारत वर्ष में वसन्तपुर नाम का नगर था। वहां पर गम्भीर, दानी, विशेषज्ञ आदि अनेक गुणों से सुशोभित अरिमर्दन नामक राजा राज्य करता था। उसी नगर में एक धर्मपरायण, क्रोडाधिपति सेठ रहता था। उसका नाम जीवदेव था। उस की धर्मपत्नो पतिमार्गानुगामिनी, धर्मपरायणा, सतीत्व आदि गुणों से अलंकृत 'जिन श्री' थी। उनका एक पुत्र था। 'जिनदत्त' वह सदाचारी, जितेन्द्रि, सुशील, सरलस्वभावी एवं उदार, था। उस के गुणों का वर्णन करते हुए इस प्रकार कहा है।

पर परिवादेमूकः परनारी वीक्षे ष्वन्धः।
षड्गुपरधनहरणे, स जयति लोके महापुरूषः॥

अर्थात्— दूसरे की निन्दाकरने में वह गूङा था, परनारी का मुख देखने में वह अन्धा था, दूसरे का धन चुराने में वह लंगडा था लोक में उस महापुरुष की जय होती है।

यौवनावस्था के आगमन पर माता पिता ने उस का विवाह चम्पापुर में रहने वाले विमलसेठ की पुत्री विमलमती से महोत्सव पूर्वक किया पिताकी कृपासे वह निश्चिन्त था। वह धार्मिक पुस्तको का स्वाध्याय करता था तथा साधुओं की सेवा करता था साधुओं के साथ परिचय के कारण वह विषयों से विमुख हो गया।

एक दिन जिनश्री अपने पति से कहने लगी, हे प्राणनाथ! कोई ऐसा उपाय करो जिस से जिनदत्त को घरकी चिन्ता हो। हमारा तो एक ही पुत्र हैं। इस प्रकार ऐसे कैंसे काम चले गा।'

सेठ ने कुछ दिन रूकने के लिये कहा। फिर बादमें सेठानी ने अपने पतिदेव को कहा, 'आप नहीं जानते हमारा पुत्र सांसारिक सुख से विमुख है तो अपना जो अपार धन सम्पत्ति हैं उस का उपभोग कौन करेगा।' उस के इस प्रकार कहने पर सेठ चिन्ता प्रकट करते हुए कहने लगा, यह सत्य हैं कि वह घर की चिन्ता से मुक्त है।'

फिर एक दिन सेठ ने अपने पुत्र को

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अपने पास बुलाया और प्रेम से समझाते हुए कहा, 'हे वत्स! देव गुरु की कृपा से सब ठीक हैं परन्तु कई ऐसे काम है जो व्यक्ति को स्वयं करने पडते हैं। इन में मे कुछ इस प्रकार से हैं —

दाने तपसि मृत्यौ च भोजने नित्यकर्मणि ।
विद्याभ्यासे सुतोत्पत्तौ, परहस्तौ न विद्यते ।

अर्थात दान, तपस्या, मृत्यु, भोजन, नित्य कर्म, विद्याभ्यास, पुत्र की उत्पत्ति ये कार्य दूसरे से नहीं करवाये जाते। ये कार्य तुम्हें ही करने पडे गे। गृहस्थ के लिये तो धर्म, अर्थ, काम की साधना इस प्रकार से करनी कही है कि कहीं भी एक दूसरे में बाधा उपस्थित न हो। कुमार मन में विचार करने लगा कि इन तीनों की साधना में धर्म ही श्रेष्ठतम है। इस के बिना अर्थ और काम की साधना नहीं होती।

उस के बाद कुटुम्ब के शेष सभी परिवारजनों ने तथा मित्रों ने भी समझाने का प्रयत्न किया परन्तु जिनदत्त की बुद्धि संसार सुख की ओर नहीं लगी। कुमार इस प्रकार विचार करने लगा, 'लोग अर्थ और काम बिना किसी के सिखाये सीख ले ते है परन्तु धर्म को तो सीखना ही पडता है।'
उस की रुचि धर्म में पूर्ववत स्थिर रही और विशेष रुप से धर्माचरण करने लगा।

एक बार जीवदेव सेठ ने धूतकारों के साथ बातचीत की और उसने कहा, 'मेरे पुत्र को अपनी मण्डली में शा मल कर लो।' जुआ खेलनेवालों ने सेठ के वचन को स्वीकार कर लिया। एक बार जिनदत्त कहीं जा रहा था उस समय एक जुआरी ने उसे अपने पास बुलाया और उस के साथ जुआ खेलने लगा। उस में वह बहुत सा धन हार गया। उस धन को देने के लिये उस ने अपने खजांची को पत्र लिखा परन्तु खजांचीने उसे कोई धन न दियां। जब विमलमती को इस बात का पता चला तो उसने अपना एक बहुमूल्य आभूषण उन धूर्तो को दे दिया। इस घटना से उसे बहुत लज्जा का अनुभव हुआ।

जिनदत्त के मन में इस प्रकार के विचार उत्पन्न हुअे, 'इस नगर में मुझे नहीं रहना चाहिए क्यों कि यहां मेरा बहुत अपमान हुवा हैं। कहा भी है–

वसेन्मानाधिकं स्थानं, मानहीनं विवर्जयेत ।
मग्रमानं सुरै–सार्ध, विमानमपि त्यज्येत ॥

अर्थात जहां अधिक मान हो वहां ठहरना चाहिए, जहां पर मान न हो ऐसे स्थान को छोड देना चाहिए। कपमानित होने पर देवताओं को विमान सहित छोड देना चाहिए।

वरं प्राणपरित्यागो, मा मानखण्डना,
मृत्युश्च क्षणिकं दुःखं, मानभङ्गे दिने दिने ॥

अर्थात-प्राणों का त्याग करना श्रेष्ठ है परन्तु अपमानित होना ठीक नहीं। मृत्यु का तो क्षणिक दुःख हैं परन्तु अपमानित प्रतिदिन होना पडता है।

इस प्रकार विचार करते हुए उसने अपनी पत्नी को मायके भेज दिया और स्वयं अपना नगर छोड कर कहीं और चला गया।

घर से निकलने के पश्चात जिनदत्त

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कुछ दिनों के उपरान्त दशपुरनगर में पहुंच गया । उस नगर में एक उद्यान था वह उस की वाटिका में एक वृक्ष के नीचे बैठ गया । जिनदत्त के भाग्य से सूखी वाटिका हरी हो गई । माली ने यह सब देख लिया और उसने तुरन्त बाग के स्वामी सेठ औदत्त को इसकी सूचना दी । सेठ शीघ्र वाटिका में आया और जिनदत्त को अपने घर ले गया । सेठ कुमार को अपना धर्मपुत्र मानने लगा । सेठ के ८४ जहाज थे ।

एकबार सेठ औदत्त और कुमार जहाज द्वारा सिंहल द्वीप को गये । वहां पर धन-वाहन राजा राज्य करता था । उस की श्रीमती नाम की एक कन्या थी । उस नव-यौवना का रूप लक्ष्मी जैसा, विद्या सरस्वती जैसी, शील सीता जैसा था परन्तु कर्म दोष के कारण वह व्याधिग्रस्त थी । रात के समय एक व्यक्ति प्रहरी के रुप में उसके पास रहता था तथा प्रातः होने पर वह मृत्यु को प्राप्त हो जाता था । यदि कोई व्यक्ति प्रहरी के रूप में न आए तो श्रीमती, नगरवासी, राज्य और देश में उपद्रव होता था ।

एक दिन जिनदत्त भगवान की पूजा के लिये पुष्प लाने के लिये किसी माली के घर में गया । वहां एक वृद्धा रो रही थी । उस वृद्धा ने कहा, 'आज राजा की लडकी की रक्षा के निमित्त मेरे पुत्र की बारी है। वह मेरा इक लौता बेटा है । रात के समय उस की मृत्यु हो जाएगी ।' वृद्धा मालिन का दुःख सुनकर कुमार का महृदय द्रवित हो उठा । वह कहने लगा, 'माता जी ! आप दुःख का त्याग कर दीजिए । आज मैं रात्रि के समय राजाकी कन्या की रक्षा करुंगा ।' पहेले तो मालिन इस बात पर सहमत न हुई परन्तु कुमार के आग्रह करने पर वह मान गई ।

फिर राजकुमार राजमहल में गया । वहां पर राजाने उसे देख लिया । देखते हो राजा विचार करने लगा, मुझे धिक्कार है जो कि अपनी पुत्री के मोह में पड कर नगरजनों की प्रतिदिन हत्या करवा रहा हूं । इस सम्बन्ध में शास्त्रकारों का कथन है ।

अक्खाण डसणी,
कम्माणमोहणी तह वयाणबंभवयं ।
गुत्तीणय मणगुत्ती,
चउरो दक्खेण जिप्पंति ।।

अर्थात इन्द्रियों में रसनेन्द्रिय (जीभ), कर्मो में मोहनीय कर्म, व्रतों में ब्रह्मचर्य, गुप्तियों में मन गुप्ति ये चारों कठिनता से जीती जाती है ।

वहां से वह श्रीमतो के कमरे में गया । वह जिनदत्त के रूप, सौन्दर्य, सौभाग्य को देखकर अति विस्मित हुई । श्रीमती ने कुमार से कहा 'हे कुमार ! आज आप मेरे पास न ठहरिये । जो भी उपद्रव होना हैं उसे होने दीजिए ।' फिर उसे निद्रा आ गई । जिनदत्त ने किसी चण्डाल से एक व्यक्ति के शब को लाकर अपनी शय्या पर रख दिया और स्वयं दीपक की छाया के पीछे जाकर जागृन अवस्था में खडा हो गया ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



फिर कुछ समय व्यतीत होने पर श्रीमती के मुख से पहले धुआं निकला फिर बहुत बडे शरीर वाला एक विषैला सर्प निकला। उसने क्रोधपूर्वक शब को डसा। डसने के उपरान्त जब सर्प पुनः कुमारी के शरीर में प्रवेश करने लगा तो जिनदत्त ने उसे पीछे से पकड कर इतनी शक्ति से घुमाया कि उसका बल क्षीण हो गया और उसे एक छोटे से कुंए में फैंक दिया। इस प्रकार कुमारी की व्याधि समाप्त हो गई। उस रात में न तो कोई उपद्रव हुआ और न ही कोई मृत्यु हुई। जहां पर साहस होता है वहांपर सिद्धि भी होती है।

अगले दिन प्रातः राजमहल में यह समाचार सब को पता चल गया। राजा, रानी सभी इस आश्चर्यजनक घटना से प्रसन्न थे। राजा ने शुभ मुहूर्त में अपनी पुत्री श्रीमती का विवाह जिनदत्त से कर दिया और उसे हाथी, घोडे, स्वर्ण, रत्न, तथा बहुमूल्य वस्त्र दिये। इस प्रकार कुछ काल उसने सिंहलद्वीप में सुखपूर्वक व्यतीत किया।

औदत्त सेठ क्रय-विक्रय करने के पश्चात कुमार को कहने लगा, 'अब हमें अपने नगर की ओर चलना है। 'जिनदत्तने राजा से अपने नगर की ओर चलने की आज्ञा मांगी।' राजा कहने लगा, 'हे कुमार ! तुम्हारे साथ जो हमने समय व्यतीत किया है वह बहुत सुखद था। आप जैसे श्रेष्ठ पुरुष तो संसार में विरले ही होते है, फिर मैं आप को अपने नगर को जाने की अनुमति देता हूं। चलते समय राजाने जहाज, स्वर्ण, बहुमूल्यरत्न आदि अनेक वस्तुएं दीं।

(क्रमशः)

वर्धमान महावीर को निर्वाण प्राप्ति गौतम बुद्ध के पहले ही ई. पू. ५२७ में ही हो गई थी। मृत्यु से पूर्व ही उनके संघ में १४००० श्रमण एवं ३६००० श्रमणियां थीं। उनके धर्म परिवार में ३१४ पूर्वज्ञान के अधिकारी मुनि थे, १३०० अवधिज्ञानी मुनि थे, ७०० वैत्रियक अब्धिधारक थे। ७०० अनुत्तर विमान स्वर्ग में जानेवाले साधुओं की संख्या थी। ५०० मनःपर्यव ज्ञान के धारण करनेवाले थे। ४०० विद्वान खण्डन-मण्डन के विषयका प्रतिपादन करते थे। १,५६,००० श्रावक तथा ३,१८,००० श्राविकाएँ ऐसी थी जिन्होंने धर्म की बारह व्रतों को पूर्ण रुप से आजन्म पालन करने का बीडा उठाया था।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अरणीक मुनिवर

अरणिक मुनि बाल्यावस्था में दीक्षा लेते है। माता भी दीक्षा ले लेती है। अरणिक मुनि बडे सुकुमार है। दोपहर का वक्त है। बडी कडी धूप पड रही हैं। सिर खुला है, तप रहा है, पैर जल रहे है। अरणिक मुनि ऐसे वक्त गोचरी [भिक्षा] लेने के लिये अपने स्था से बाहर निकले। शहर में आते हैं। परन्तु चलते चलते पैर जलने लगे, वहीं एक मकान की छाया देखकर उसके नीचे थोडी देर के लिये खडे हो गये। झरोखे में एक स्त्री बैठी थी, उसने युवान मुनि को देखा, वह उनपर मुग्ध होजाती हैं। दासी को कहती है- 'नीचे एक साधु खडे है, आदर से उन्हे ऊपर ले आओ।

दासी साधु के पास आती है। कहती हैं– 'महाराज! पधारिये, हमारी बाईज़ी आपको बुलाती है। बहराना है [भीक्षा देना है] आप गोचरी के लिये पधारिये।'

साधु ऊपर चले जाते है, और इसके बाद स्त्री नाना प्रकार के हावभाव से, बोलचाल से उन्हें अपनेपर मुग्ध करती हैं, कहती है: 'इस साधुपने में क्या रखा है ? इतना सुकुमार शरीर! यह यौवन अवस्था! यह तो अवस्था तुम्हारे लिये नानाप्रकार के काम, भोग, विलास भोगने की है। इस शरीर को क्यों कष्ट देते हो ? योंही जलाजलाकर राख क्कों कर रहे हो ? तुम्हे चाहिये, मेरे साथ रहकर भोगविलास में मग्न रहो आनंद करो।

अरणिक मुनि वही रह जाते है। चारित्र को भ्रष्ट करदेते है। अरणिक जब नहीं लोटे तो उनकी साध्वी माता को चिंता होती है। मेरा लडका कहां चला गया ? क्यों नहीं अभीतक आया। माता पागलसी होजाती हैं। मेरा लडका मेरी कुक्षी से जन्मा हुवा, छोटी उम्र में भावना से उसे दीक्षा दी और मैंने भी ली। आज कहां चला गया ? क्या हो गया ? साध्वी होते हुए भी मोह का उदय हौता हैं।

अरणिक अरणिक करती मा फिरे,
गलिए गलिए बनारो जो ॥
केणे दीठोरे मारो अरणीलो पूछे
लोक हजारो जो ॥
अरणिक मुनिवर चाल्या गोचरी ॥

'भाई! तुमने मेरा लडका देखा ? सुन्दर काया है। साधुवेष में है। भिक्षा के लिये निकला है, परन्तु अभीतक नहीं आया। तुमने देखा है उसको ?' हजारों मनुष्यों को पूछती फिरती। पागल सी होगयी है।

संयोग से झरोखे में स्त्री के साथ बैंठा हुआ अरणिक अपनी माता को रोते देख

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लेता हैं ।

सज्जनो! महाव्रत लेना कितना महत्वपूर्ण कार्य हैं और लेने के बाद पतित होजाते है, तब फिर इसके लिये पश्चाताप कैसे करते है? इसका उदाहरण है । अरणिक विचारता हैः 'जिस माता की कुक्षी से जन्म लिया और जिसने मेरे आत्मा के कल्याण के लिये दीक्षा दी, और स्वयंने भी ली, उस माता को मेरे लिये आज रोने का समय आया हैं। धिक्कार हैं मेरे आत्मा को! मैंने चारित्र लेकर क्या किया? मैं ने पांच महाव्रत लेकर क्या किया? यह साधु वेष लेकर क्या अनर्थं किया? सब कुछ डुबो दिया? । आज अपने आत्मा का पतन करदिया? हाय धिक्कार है मुझे! ' अरणिक माता के पास नीचे आता हैं–

गोखेथी उतरीरे जननो पाय पडपो,
मन शु लाज्यों अपारो जी ।
हूं कायर छु रे मारी मावडी,
मैं कीधो अविचारो जी ।।
अरणिक–

माता के चरणो में गिर जाता है। पश्चात्ताप करता है। रोने लगता हैं– 'मा! मैने तेरी कुक्षी को लजाया है । माफ कर! प्रायश्चित्त करने को तैयार हूं ।"

प्यारे मित्रो! यह महाव्रत की प्रतिज्ञा लेकर महाव्रत नहीं पालने का परिणाम है । अगर उसने प्रतिज्ञा न ली होती, तो यह पश्चात्ताप कभी नहीं करता ।

माता भी इसी समय यह नहीं कहती कि: "तू घर चल और शादी करले ।" परंतु यही कहती है कि–"मैं तुझे गुरू के पास लेजाती हूं, और जो कुछ प्रायश्चित्त या दंड दें लेकर तू अपने आत्मा का कल्याण करले ।'

एक पुत्र अपने आत्मा का कल्याण कैसे करे, यह रास्ता दिखाना यही माता–पिता का मुख्य कर्त्तव्य है । माता अरणिक को गुरु के पास लेजाती है । गुरु उपदेश देते हैं। फिर से आत्मा का उद्धार करने का मार्ग बताते है, परन्तु अरणिक साफ सब्दों में जवाब देता है– 'मेरे से अब चारित्रपालन नहीं हो सकता । चारित्र के कष्ट लगातार वर्षोतक सहन करु, यह मेरे शरीर के वशकी बात नहीं । फिर भी मुझे मेरे आत्मा का कल्याण करना अति आवश्यक है । मैं अपना कल्याण करना चाहता हूं, परन्तु आप ऐसा मार्ग बताइये जिससे मै जल्दी कल्याण करुं ।

'अगर तुम्हारी ऐ ही इच्छा हैं, तुम्हारा मन साफ है, दृढ विचारशक्ति है, और इच्छा है मोक्ष प्राप्त करने की, तो जाओ, वह अंगार सरीखी धधकती शिला हैं इस पर संथारा करलो ।" गुरु अपने परम शिष्य को सुगम, सीधा और जल्दी का मार्ग आत्मकल्याण के लिये बताते हैं ।

अग्नि धखन्तीं रे शिला ऊपरे,
अरणिके अनशन कीधुं जी ।
रूपविजय कहे धन्य ते मुनिवरा,
जेण मनवंछित लीधुं जी ।।
अरणिक–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धधकती शिला पर अरणिक मुनि अपने शरीरका उत्सर्ग करदेता हैं। परमात्मा के ध्यान में तल्लीन होजाता है। उस अवस्था में शरीर के साथ उनका कोई संबंध नहीं। सच्चे योगका साधना में गरमी या ठंड़ी, सुख या दुःख, किसी का भान नहीं रहता। वह चित्तकी उत्कृष्ट एकाग्रतामें तल्लीन हो जाता है। जड़–शरीर से उसका कोई संबन्ध नहीं रहता। अरणिक का आत्मा मोक्ष प्राप्त करता है। इसका मतलब क्या है ? यही हैं कि मनुष्य जिस समय व्रतधारी होता है वह अगर अपने व्रतों में दूषण लगा लेता है तो भी, उसे पश्चात्ताप होता है। उसे फिर से ऊपर चढने का मौका अवश्य रहता हैं। लेकिस जिसने व्रत लिया नहीं, प्रतिज्ञा की नहीं फिर भी उसका पालन करते हुऐ अगर कहीं दूषण लगा देता है, तो उसके लिये पश्चात्ताप का मौका नहीं होता। और वह हमेशा के लिए गिर जाता हैं।

कई लोग मेरे पास ऐसे आते हैं, जिन्होंने प्रतिज्ञापूर्वक व्रत लिये और भंग या दूषण होनेपर प्रायश्चित्त लेते है, परन्तु ऐसा एक भी आजतक नहीं आया जिसने बिना प्रतिज्ञा लिये व्रत पालन किया हो, और प्रायश्चित किया हो। इसलिए व्रतधारी होना बहुत जरुरी है।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सत्संगति

दूध ओर पानी दोनों अभिन्न मित्र है। दोनों सुख-दुःख में एक दूसरे के साथी बने रहते है। दूध के प्रेम में पानी अपना अस्तित्व छोडकर दूध में ही समा जाता है तो दूध भी सब भेदभाव भूल कर पानी को इस तरह से अपना लेता है कि अपना रुप, गुण, और मूल्य देकर उसे अपने जैसा बना लेता हैं और पानी दूध के साथ, दूध के मोल बिकता है। यह सत्संग का फल है। मित्रता की परख संकट के समय होती हैं। इस कसौटी पर दोनों मित्र एक दूसरे से बढकर सिद्ध होते है। जब आग पर दूध गरम किया जाता है तो पानी दूध से कहता है 'मित्र इस संकट की घडी में भी मै तुम्हारे साथ हूं, मेंरे होते हुए आग तुम्हे जला न सकेगी। मैं स्वयं जल जाऊंगा पर तुम्हें जलते न देख सकूंगा क्योंकि तुमने मुझ जैंसे तुच्छ पदार्थ को मित्र बना कर इस तरह से अपना लिया कि कोई अलग ही न कर सके तो मैं भी हंसते-हंसते प्राण देकर तुम्हारी रक्षा करूंगा' यही होता है, पहले पानी जलता है उसके बाद ही दूध जलता है।

दूध भी कम नहीं है। अपने मित्र को जलता देखकर वह भी जब्त नही कर पाता। मित्र के विछोह से दुखी होकर वह भी आग में कूदने के लिए लपकता हैं। कई बार दूध भी उफन कर अपने मित्र के साथ आग में कूद जाता है। ऊफनते हुए दूध को जल के चार छीटे शांत कर देते है औंर दूध का उफान बैठ जाता है। दूध-पानी जैसी एकता मित्रता का अच्छा उदाहरण है। पानी की तरह हमें भी अच्छे लोगों की ही संगति करना चाहिए क्योंकि अच्छी संगति जहाँ बुराईयों से हमारी रक्षा करती है वहीं हमारी अच्छाईयों को विकसित और मजबूत भी करती है।

● जैसे तूबे पर मिट्टी की पर्तें लगाने से वह भारी हो जाता है और पानी में डुबाने से डुब जाता है, ठीक वैसे ही हिंसा, असत्य, चोरी, व्यभिचार, तथा मूर्छा-मोह आदि आस्रव रुपी कर्म करने से आत्मा पर कर्मरूपी मिट्टी की पर्तें जम जाती है और वह भारी बनकर अधोगति को प्राप्त होती हैं। यदि उसी तूबे की मिट्टी की पर्तें हटा दी जाय, तो वह हल्का होने के कारण पानी पर तैरने लग जाता है। वैसे ही यह आत्मा भी जब कर्म बंधनों से सर्वथा मुक्त हो जाती हैं, तब उर्ध्वगति प्राप्त कर लोक के अग्र भाग पर जाकर स्थिर हो जाती है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## 卐 જ્ઞાનપંચમી મહોત્સવ 卐

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી દર વર્ષ મુજબ આ વર્ષે પણ સભાના લાયબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવેલ. જ્ઞાનના દર્શનાર્થે સવારના ૬ વાગ્યાથી પરમ પૂજ્ય આચાર્ય ભગવંતો તથા પરમ પૂજ્ય મુની ભગવંતો તથા પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ દર્શનાર્થે પધારેલ અને દર્શનનો લાભ લીધો હતો. ભાવનગર જૈન મૂર્તિપૂજક સંઘના દરેક ભાઇઓ તથા બહેનોએ પણ દર્શનનો લાભ ખુબ જ સારા પ્રમાણમાં લીધો હતો. તે જોઇ શ્રી સભાના દરેક ટ્રસ્ટીશ્રીએ આનંદની લાગણી અનુભવી હતી.

લી.
શ્રી આત્માનંદ જૈન સભા
ભાવનગર

---

## ⌘ યાત્રા પ્રવાસ ⌘

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૫૧ના માગશર શુદ ૧૫ ને રવિવાર તા. ૧૮-૧૨-૯૪ના રોજ ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથજીનો યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો. આ યાત્રા આ વખતે કારતક માસની ડેમની તથા માગશર માસની ઘોઘાની સંયુક્ત રાખવામાં આવેલ હતી. તેમાં નીચેના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરૂભક્તિ તથા સ્વામિભક્તિ કરવામાં આવી હતી, તેમજ શ્રી ઘોઘા નવખંડા પાર્શ્વનાથ દાદાના રંગ મંડપમાં સભા તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સંગીતકારની મંડળી સાથે ભવ્ય રાગ-રાગીણીપૂર્વક ભણાવવામાં આવી હતી. સભાના સભ્યશ્રી ભાઇઓ તથા બહેનો સારી એવી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ખૂબ જ ધામધૂમપૂર્વક આનંદ ઉલ્લાસ સાથે પ્રોગ્રામ પૂર્ણ થયો હતો.

### ... દાતાશ્રીઓની યાદી...

| | | |
|---|---|---|
| ૧ | શેઠશ્રી પ્રેમચંદ માધવજીભાઈ દોશી | ડેમની યાત્રાના દાતાશ્રીઓ |
| ૨ | શેઠશ્રી અમૃતલાલ રતીલાલ સલોત | ” |
| ૩ | શેઠશ્રી નાનાલાલ કુંવરજીભાઇ શાહ | ” |
| ૪ | શેઠશ્રી ખાન્તિલાલ રતીલાલ શાહ (ભદ્રાવળવાળા) | ” |
| ૫ | શેઠશ્રી મણીલાલ ફુલચંદભાઇ શાહ | ” |
| ૬ | શેઠશ્રી કાન્તિલાલ લવજીભાઈ શાહ (ટોપીવાળા) | ઘોઘાની યાત્રાના દાતાશ્રીઓ |
| ૭ | શેઠશ્રી ખીમચંદભાઈ પરશોત્તમદાસ શાહ (બારદાનવાળા) | ” |
| ૮ | શેઠશ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી | ” |
| ૯ | શેઠશ્રી રમણીકલાલ માણેકચંદ શાહ (નાણાવટી) | ” |
| ૧૦ | શેઠશ્રી રતીલાલ ગોવીંદજીભાઇ (સોપારીવાળા) | ” |

For Private And Personal Use Only

## કડવું સત્ય....

क्रोधाभिमानौ विजहत् पुमान्
सर्वत्र मैत्रीं सहनो मृदुः सन् ।
परोपकारे यदि न क्षमः स्याः
परापकारं तु न जातु कुर्याः ॥

卐

* ક્રોધ તથા અભિમાન છોડી દઈ અને સહિષ્ણુ તેમજ નમ્ર બની બધા પ્રત્યે મૈત્રી રાખ. તારાથી બીજાનું હિતસાધન જો ન બની શકે તો કંઈ નહિ, પણ બીજા સાથે અન્યાયથી તો કદિયે વર્તીશ નહિ-બીજાનું બુરું તો કદિયે કરીશ નહિ.

卐

* Discarding anger and arrogance, and being forbearing and gentle, cherish friendliness towards all.

  Even though you are not able to benefit others, yet you should, at least, refrain from doing ill to others.

BOOK-POST

૪૦• Kapasi Kanchanben Amulakh
C/o. Khimchand Ujamshi
C/7. Bagree Market,
71, Canning Street
CALCUTTA-700007

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર